**આંક:-૧૧**

## મે.વલસાડ ખાતેનાં મજુર અદાલત નં.૧ ના પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી ડી.કે.ચંદનાણી સાહેબ સમક્ષ, મુકામ વલસાડ.

**રીકવરી અરજી નં.૨૩/૨૦૧૭.**

**અરજદાર :-** શ્રી રાજેન્દ્ર રામબલી સિંગ,
મુ.જી.-૨, ડેનીશ એપાર્ટમેન્ટ,
મહારાજ હોટલની પાછળ, નહેરૂ સ્ટ્રીટ,
વાપી-૩૯૬૧૯૧, તા. વાપી, જી.વલસાડ.

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા:-** મે. ક્રિષ્ણા ગ્રુપ ઓફ કંપનીઝ,
સંજાણ રોડ, સ્ટે. ભીલાડ,
તા.ઉંમરગામ, જી.વલસાડ.

**હાજર રહયા :-**
**અરજદાર તરફે:-** યુનિયન પ્રતિનિધિશ્રી આર.એમ.પ્રજાપતિ.
**સામાવાળા તરફે:-** ગેરહાજર.

**-: હુ ક મ :-**

(૧) આ કામનાં અરજદારે સદરહુ વસુલાત અરજી ઔધોગીક વિવાદ અધિનિયમ-૧૯૪૭ ની કલમ - ૩૩ ( સી ) ની પેટા કલમ-૧ મુજબ દાખલ કરેલ છે જેમાં સામાવાળા પાસે રૂા.૪,૦૫,૮૨૭/- (અંકે રૂપિયા ચાર લાખ પાંચ હજાર આઠસો સત્યાવીસ પુરા) મેળવવા અરજી કરેલ છે.

(૨) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર સામાવાળા સંસ્થામાં કાયમી કામદાર તરીકે નોકરી ફરજ બજાવતાં હતાં. સામાવાળાએ ગેરકાયદેસર રીતે નોકરી ફરજમાંથી છુટા કરતાં અરજદાર તેમની સામે પડેલા દિવસોના પુરેપુરા પગાર સાથે નોકરીમાં પુન:સ્થાપિત થવા અંગેનો વિવાદ ઉપસ્થિત કરેલ હતો જેનો ટી.

અરજી. નં.૫/૨૦૦૪ છે, જે વિવાદમાં નામદાર વલસાડનાં પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીએ અરજદારની તરફેણમાં તા.૨૩/૦૫/૨૦૧૩ ના રોજ ચુકાદો આપેલ છે. જેની નકલ આ કામમાં જુદા લીસ્ટથી રજુ કરેલ છે. મજકુર ચુકાદા પ્રમાણે સામાવાળાએ અમારી અસલ જગ્યાએ પડેલા દિવસોના ૫૦% પગાર સાથે સળંગ નોકરીએ ફરજ ઉપર રાખવા જોઈતા હતા પરંતુ તેઓએ નામદાર કોર્ટના હુકમનું પાલન કરેલ નથી. જેથી અરજદારે હુકમ મુજબના નાણાં લેવા માટે નામદાર કોર્ટ સમક્ષ રીકવરી અરજી નં.૧૩/૨૦૧૫ દાખલ કરેલ હતી. જે નામદાર કોર્ટ ધ્વારા મંજુર કરવામાં આવેલ છે. ત્યારબાદ પણ સામાવાળાએ અરજદારને કામે રાખેલ નથી કે અરજદારને પગાર ચુકવતાં નથી. તેઓએ નામદાર કોર્ટના હુકમનું પાલન કરેલ નથી. આ હુકમની વિરુધ્ધમાં તેઓએ કોઈ રીટપીટીશન પણ દાખલ કરેલ નથી. મજકુર ચુકાદાની નકલ તેઓને બજેલ છે પરંતુ સામાવાળાએ તેનુ કોઈ પાલન કરેલ નથી.

વધુમાં અરજદાર તેમની અરજીમાં જણાવે છે કે, સામાવાળાએ અરજદારને કામે રાખેલ નથી કે પગાર પણ ચુકવતા નથી. સદર ચુકાદા મુજબની રકમ મેળવવી અરજદારનો પ્રસ્થાપિત હકક અને અધિકાર છે. અરજદારને સામાવાળા કામે રાખેલ ન હોવાથી તેમની પાસે કાયદા મુજબના પગાર પ્રમાણે તા.૦૧ /૦૨/૨૦૧૫ થી તા.૩૧/૦૩/૨૦૧૭ સુધીનાં પગારના નાણાં તેમજ લાભો મેળવવા હકકદાર છીએ. તે સામાવાળાએ આજદિન સુધી ચુકવી આપેલ નથી, તે ઉપરાંત સને ૨૦૦૫ થી સને ૨૦૧૭ સુધીના વર્ષોનું બોનસ, હકક રજાઓ, વિગેરેની તમામ લ ેણી નીકળતી કુલ રકમ રૂા.૪,૦૫,૮૨૭/- (અંકે રૂપિયા ચાર લાખ પાંચ હજાર આઠસો સત્યાવીસ પુરા) સામાવાળા પાસેથી મેળવવા હકકદાર છીએ. જે વિગતવાર અલગથી યાદી પ્રમાણે પરિશિષ્ટ 'એ' થી આ અરજી સાથે રજુ કરેલ છે તે મુજબ રકમ નીકળે છે. જે સામાવાળા પાસે મેળવવા દાદ માંગેલ છે.

(૨) સદર અરજી સાથે અરજદારે આંક-૩ થી નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલ છે.

| ક્રમ | દસ્તાવેજોની વિગત | નિશાની/અંક |
|---|---|---|
| ૧. | નામદાર કોર્ટના હુકમની નકલ. | ૩/૧ |
| ૨. | અરજદારના યુનિયને સામાવાળાને લખેલ પત્રની નકલ. | ૩/૨ |
| ૩. | નિ.ર. નો પત્ર સામાવાળાને મળી જતા પર આવેલ એકનોલ ેજમેન્ટની નકલ. | ૩/૩ |
| ૪. | રીકવરી અરજીમાં થયેલ હુકમની નકલ. | ૩/૪ |

(૩) સદર અરજી દાખલ થતાં આ કામના સામાવાળાને આંક–૪ થી સુનાવણીની નોટીસ કાઢવામાં આવેલ જે આંક–૫ ની પોષ્ટ ખાતાની એકનોલેજમેન્ટ જોતાં જણાઈ આવે છે કે તે બજી ગયેલ છે ત્યાર બાદ સામાવાળાએ અરજદારની અરજી વિરૂઘ્ધ જવાબ રજુ ન થતાં આંક–૬ થી જવાબનો હકક બંધ કરેલ છે. આ કામે અરજદાર તરફે આંક–૭ થી સોગંદનામું રજુ થયેલ છે. આંક–૮ ની અરજી અન્વયે સામાવાળાનો ઉલટ તપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ. સદર કામની સુનાવણી દરમ્યાન આંક–૯ થી અરજદાર તરફે કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે. આંક–૧૦ થી સામાવાળાનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામના અરજદારના પ્ર તિનિધિશ્રીની રજુઆત સાંભળી કામ હુકમ પર લેવામાં આવેલ છે.

(૪) આ કામે કેસનું રેકર્ડ તથા પક્ષકારોની રજુઆત ઘ્યાને લેતાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

૧. શું અરજદાર રીકવરી અરજી મુજબના નાણાં મેળવવા હકકદાર થાય છે.?

૨. શુ હુકમ?

ઉપરોકત મુદ્દાઓ અંગે ટુકમાં જવાબ નીચે મુજબ છે.

**– : જવાબો :–**

મુદ્દા નં.૧ : અંશત: હકારમાં,

મુદ્દા નં.ર : આખરી હુકમ મુજબ

<u>ઉપરોકત જવાબો અંગેનાં મારા કારણો નીચે મુજબ છે.</u>

સમગ્ર કેસનું રેકર્ડ તથા અરજદાર તરફે દલીલની રજુઆતો ઘ્યાને લેતાં અરજદારની અરજી મંજુર થવા પાત્ર છે કે કેમ? તે બાબતે જોઈએ તો અરજદારે તેમની આંક – ૧ ની અરજીનાં સમર્થનમાં આંક–૭ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે. જે સામાવાળા ને ઉલટ તપાસની તક આપવા છતાં ઉલટ તપાસ કરેલ નથી. આમ સંસ્થા એ અરજદારનાં પુરાવાને પડકારેલ નથી. જયારે સંસ્થાને સદર અરજીની નોટીસ બજી જવા છતાં હાજર રહી અરજીની હકીકતો કે પુરાવાને પડકારતા ન હોય ત્યારે પુરાવા ને નહી માનવાને કોઈ કારણ નથી અને રજુ દસ્તાવેજો લક્ષમાં રાખતા અરજદારને અરજી મુજબની કોઈ રકમ સામાવાળાએ ચુકવેલ ન હોવાનું જણાય છે.

આ કામે માર્ક ૩/૧ થી રજુ ટી.અરજી નં.૫/ર૦૦૪ ના કામે ફરમાવવામાં આવેલ આખરી હુકમ વંચાણે લેવામાં આવે તો નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવેલ છે.

***૧. અરજદારની આ અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.***

***ર. આ કામના અરજદારને તા. ૧૯/૧ર/ર૦૦3 ના રોજથી છુટા કરવાનું સામાવાળી સંસ્થાનું પગલું ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે અને આકામના અરજદારને તેની મુળ જગ્યાએ પડેલા દિવસોના ૫૦% પગાર સાથે સળંગ નોકરીથી આ હુકમ મળ્યેથી દિવસ–30 માં***

***સામાવાળાએ નોકરીમાં પુન: સ્થાપિત કરી આપવા તેવો આથી હુકમ કરવામાં આવે છે.***

***૩. આ અરજીના ખર્ચના રૂા.૭,૦૦૦/- (અંકે રૂપિયા સાત હજાર પુરા) અરજદારને સામાવાળાએ અલગથી ચુકવી આપવા તેવો આથી હુકમ કરવામાં આવે છે.***

આ કામના અરજદારે અગાઉ સામાવાળા સામે રિકવરી અરજી નં. ૫/૨૦૧૪ દાખલ કરી તા:૧૯/૧૨/૨૦૦૩ થી તા:૩૧/૧/૨૦૧૫ સુધીના ઉપરોકત હુકમ મુજબના નાણા મેળવવા અરજી કરેલ હતી જે મંજુર કરવામાં આવેલ હોવાનું રેકર્ડ વંચાણે લેતા જણાય છે.

આ કામે અરજદારની અરજી વંચાણે લેવામાં આવે તો તેઓએ પોતાની અરજી સાથે સામેલ પરિશિષ્ટ માં તા:૦૧/૦૨/૨૦૧૫ થી તા:૩૧/૦૩/૨૦૧૭ સુધીના પડેલ પગારના કુલ રૂા.૩,૨૩,૭૯૯/- તથા ૨૦૧૫ થી ૨૦૧૭ સુધીના ૨૦% પ્રમાણેના બોનસના રૂા.૬૪,૭૬૦/- તથા ઉપરોકત ૧૬ વર્ષ ના હકક રજા, સીકલીવ, કેઝુઅલ લીવ, વર્ષના ૩૦ દિવસ પ્રમાણે રૂા.૧૭,૨૬૮/- કુલ મળી રૂા.૪,૦૫,૮૨૭/- ની માંગણી કરેલ છે. આ કામે ટી.અરજી નં. ૫/૨૦૦૪ ના કામે હુકમ મુજબ અરજદારને પડેલ દિવસોના પગારના ૫૦ % સાથે પુન:સ્થાપિત કરવા તથા ખર્ચ ના રૂા.૭,૦૦૦/- સાથે ટી.અરજી અંશત: મંજુર કરવામાં આવેલ છે, આનુશાંગિક લાભો કે બોનસ અન્વયે કોઈ હુકમ કરવામાં આવેલ નથી. જેથી અરજદાર ફકત પડેલ દિવસોના પગારના ૫૦% અન્વયેની રકમ તથા રૂા.૭૦૦૦/- ખર્ચ અન્વયેની રકમ પ્રાપ્ત કરવા હકકદાર હોવાનું જણાય છે. આ કામના સામાવાળા આ કામે હાજર રહેલ નથી કે અરજદારની અરજી તથા સોગંદનામાની હકીકતોને પડકારેલ નથી. જેથી અરજીની અરજીમાં જણાવવામાં આવેલ ૫૦% પગારની રકમની ગણતરી બીનપકડારાયેલ હોય ન માનવા કોઈ કારણ નથી અને રજુ દસ્તાવેજો તથા ટી.અરજી

નં.૫/૨૦૦૪ ના ચુકાદાની હકીકતો લક્ષમાં રાખતા અરજદાર તા:૦૧/૦૨/૨૦૧૫ થી તા:૩૧/૦૩/૨૦૧૭ સુધીના પડેલ દિવસોના કુલ પગારના ૫૦ % તથા રેફરન્સ ખર્ચની રકમ મેળવવા હકકદાર થાય છે.

આ કામના અરજદારે પોતાની અરજી સાથે પરિશિષ્ટ-'અ' મુજબ પોતાની, સામાવાળા પાસે નીકળતી રકમનો કોષ્ટક રજુ કરેલ છે. જે લક્ષમાં લેવામાં આવે તો અરજદારને તા.૦૧/૦૨/૨૦૧૫ થી તા.૩૧/૦૩/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન કાયદા મુજબના પડેલ દિવસોના પગારના રુ|.૩,૨૩,૭૯૯/- ની રકમ મળવા પાત્ર હોવાનું તથા બોનસ સને-૨૦૧૫ થી ૨૦૧૭ સુધી ૨૦% પ્ર માણે રુ|.૬૪,૭૬૦/- નીકળતી હોવાનું જણાવેલ છે. તથા હકક રજા, સીકલીવ, કે કેઝયુઅલ લીવની રકમ રૂા. રુ|.૧૭,૨૬૮/- આમ કુલ્લે મળી રૂા.૪,૦૫,૮૨૭/- અરજદારને ચુકવી આપવાનું અરજદાર જણાવે છે.

આ કામે રજુ ટી.અરજી નં.૫/૨૦૦૪ ના ચુકાદાને લક્ષમાં રાખતા અરજદારને હુકમ પ્રસિઘ્ધ થયેથી દિન-૩૦ માં સામાવાળા પડેલ દિવસોના ૫૦% પગાર સહીત અરજદારને સળંગ નોકરીથી મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા હુકમ ફરમાવવામાં આવેલ છે. અરજદારને આનુશાગિક કોઈ લાભો આપવાનો કોઈ હુકમ કરવામાં આવેલ નથી. વિશેષમાં અરજદાર તરફથી જે હકક રજા, સીકલીવ, કે કેઝયુઅલ લીવની હકીકત જણવવામાં આવેલ છે તે અન્વયેનો કોઈ સચોટ પુરાવો અરજદાર તરફથી રજુ થતો નથી કે તે અન્વયે મુળ રેફરન્સમાં કોઈ હુકમ કરવામાં આવેલ નથી. તેથી અરજદારને ફકત પડેલા દિવસોના પગારના ૫૦% લેખેથી રકમ મેળવવા હકકદાર થાય છે. આ કામના અરજદારે પરિશિષ્ટ - અ માં પડેલ પગારની ૧ ૦૦% લેખે ગણતરી કરેલ હોવાનું જણાય છે. જેથી અરજદાર તેના ૫૦% લેખે મેળવવા હકકદાર થતા હોય એટલે કે રુ|.૩,૨૩,૭૯૯/- ના ૫૦% ની રકમ એટલે કે રૂા. ૧૬૧

૮૯૯.૫૦ પેસા મળવા પાત્ર હોવાનું સાબીત થાય છે. તેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

(૧) અરજદારની અરજી આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળા મેસર્સ ક્રિષ્ણા ગ્રુપ ઓફ કંપનીઝ, સંજાણ રોડ, ભીલડ, જી.વલસાડ સામે અરજદાર બાકી લેણી રકમ રુા.૧,૬૧,૮૯૯.૫૦ પેસા (અંકે રૂપિયા એક લાખ એકસઠ હજાર આઠ સો નવાણું તથા પચાસ પેસા પુરા) નું વસુલાત અર્થે સક્ષમ ઓથોરીટી સમક્ષ રીકવરી સર્ટીફિકેટ ઈશ્યુ કરવાનો આથી આદેશ કરવામાં આવે છે.

(૩) આ અરજી ખર્ચના રૂા.૩,૦૦૦/– સામાવાળાએ અરજદારને ચુકવી આપવા.

(૪) હાલના સામાવાળાએ ઉપરોકત બાકી લેણી રકમ હુકમની જાણ થયેથી દિન–૩૦ માં અરજદારને ચુકવી આપવી તેવો હુકમ કરવામાં આવે છે.

સ્થળ:વલસાડ
તા:૦૭/૦૯/૨૦૧૮.

(દુર્ગેશ કનૈયાલાલ ચંદનાણી)
**GJ01081**
પ્રિસાઈડીંગ ઓફીસર
મજુર અદાલત, વલસાડ.